૭

માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલ મહિલા માટે પુન:સ્થાપન ગૃહ, ડભોડા, ગાંધીનગર ખાતે શરૂ કરવા નવીન બાંધકામ માટે સુધારેલ વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૯/૨૬૫૮૩૬/નબા./છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૧૧/૦૬/૨૦૨૧

**વંચાણે લીધા:-**

(૧) સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૭/૧૦/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૯/૨૬૫૮૩૬/ન.બા./છ

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૦૫/૦૪/૨૦૨૧ના પત્ર ક્રમાંક:- સસુખા/બકમ/૨૦૨૦-૨૧/૨૪૧

**પ્રસ્તાવના:-**

માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલ સ્ત્રી/પુરૂષો માટે અમદાવાદ, ગાંધીનગર(ડભોડા મહિલાઓ માટે), રાજકોટ, ભુજ, સુરત, જામનગર(મહિલાઓ માટે) અને વડોદરા ખાતે ૫૦ની ટોચ મર્યાદાવાળા પુન: સ્થાપન ગૃહ શરૂ કરવા વંચાણે લીધેલા ક્રમાંક:- (૧) પરના વિભાગના તા.૧૭/૧૦/૨૦૧૯ના ઠરાવથી રૂ.૩૫૦.૦૦લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

સદર વહીવટી મંજૂરી અપુરતી હોઇ નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીના વંચાણે લીધેલા ક્રમાંક:- (૨) પરના તા.૦૫/૦૪/૨૦૨૧ના પત્રથી માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલ મહિલાઓ માટે ડભોડા, ગાંધીનગર ખાતે પુન:સ્થાપન ગૃહ શરૂ કરવા નવીન બાંધકામની રૂ.૪,૪૯,૩૩,૨૦૦/-ની સુધારેલ વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ. સદરહુ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:-**

માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજા થયેલ મહિલાઓ માટે ડભોડા, ગાંધીનગર ખાતે પુન:સ્થાપન ગૃહ શરૂ કરવા માટે કરવાના બાંધકામ સારૂં રૂ. ૪,૪૯,૩૩,૨૦૦/-નો ખર્ચ કરવાની આથી, સુધારેલ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

અન્ય શરતો અને બોલીઓ આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૭/૧૦/૨૦૧૯ના ઠરાવમાં જણાવ્યા પ્રમાણેની યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૭/૦૬/૨૦૨૧ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કરિશ્મા પટેલ )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, ભોયતળિયે, ડી-૧ વિંગ, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપસચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતેઃ- નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, બ્લોક નં.૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર વિભાગની વેબસાઇટમાં છ-શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેકટ ફાઇલ